**ફોજદારી કેસ નંબર : CC/86621/2024**

## આંક–૦૧ તળે હુકમ

હાલનો કેસ પોલીસ દ્વારા નોન કોગ્નિઝેબલ ગુન્હાની ખાનગી ફરીયાદ રજુ કરતા ધ્યાને લેવામાં આવેલ છે. ગુન્હાની હકીકત તથા ફરીયાદમાં દર્શાવેલ બનાવની તારીખ ધ્યાનમાં લેતાં બી.એન.એસ.એસ.ની કલમ ૫૧૪ ની વિગતે કોગ્નિઝન્સ લેવા માટે સાંભળવા માટે મુલત્વી. કેસનું રેકર્ડ રહે તે માટે ફોજદારી કેસ રજીસ્ટરે લેવો.

હુકમ આજરોજ જાહેર કર્યો.

તા. ૧૪/૧૨/૨૦૨૪

સ્થળ: વડોદરા.

(એ.એમ. મહેતા)
૯માં એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ફર્સ્ટ ક્લાસ ,વડોદરા.

## આંક–૦૧ તળે હુકમ

ફરીયાદ હકીકત ધ્યાનમાં લીધી. ઉપરોક્ત વિગતેનો ફર્સ્ટ ઓર્ડર ધ્યાનમાં લીધો. હાલની ફરીયાદ પોલીસ દ્વારા એમ.વી.એકટ અન્વયેના ગુન્હા અન્વયે દાખલ કરેલ છે. બનાવની તારીખ જોતાં અને સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ ગુન્હો બન્યા બાદ પોલીસના ધ્યાન ઉપર આવેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદ કોર્ટમાં રજુ કર્યાની તારીખ જોતાં બી.એન.એસ.એસ.ની કલમ–૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવાની સમય મર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. વિલંબ અંગે કોઈ કારણ કે ખુલાસો નથી, આ સંજોગોમાં અત્રેની કોર્ટ દ્વારા કાયદાની નિયત કરેલી સમય મર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નિઝન્સ લઈ શકે નહીં અને આરોપી સામે ટ્રાયલ શરૂ કરી શકાય નહીં. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી. સબબ ફરીયાદ પક્ષે સાંભળ્યા, હાલનો કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૫૧૪ મુજબ કોગ્નિઝન્સ લેવા સામે બાધ હોય, આજ રોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં ફેંસલ કરવામાં આવે છે. હુકમ આજરોજ જાહેર કર્યો.

તા. ૧૪/૧૨/૨૦૨૪

સ્થળ:વડોદરા.

(એ.એમ. મહેતા)
૯માં એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ફર્સ્ટ ક્લાસ ,વડોદરા.